ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જિ ભરૂચના રીનોવેશન કામ બાબતે મંજૂરી આપવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪/૫/૨૦૧૭.

વંચાણે લીધાં

(૧) સા.ન્યા.અને અ.વિની તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૨) સા.ન્યા.અને અ.વિની તા.૬૧-૧-૨૦૧૪૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૧૩-ભવન ભરૂચ-ગ

(૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૮/૫/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: અજાક/મ-૪/૧૨/૨૦૧૭/૨૩૪૦-૨૩૪૧

ઠ રા વ:-

જીલ્લા કક્ષાએ ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જિ ભરૂચના ખાતે ભવન ના બાંધકામ માટે સરકાર દ્વારા ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. તથા વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ઠરાવથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૮/૫/૨૦૧૭ના પત્રથી ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જિ ભરૂચના રીનોવેશન કામ બાબતે રૂ.૩,૪૯.૦૦૦/-( અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણપચ્ચાસ હજાર પુરા) ની મંજૂરી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારાણા અંતે નાણંકીય સત્તા (સોંપણી) નિયમો ૧૯૯૮ના વિભાગ-૪ના કોઠો-૪ના ક્રમ નં.૩ અનુસાર સરકારી મકાનોમાં સુધાર-વધારા કરવા માટે વહીવટી વિભાગને રૂ.૧૦ લાખની નાણાંકીય મર્યાદામાં ખર્ચ મંજુર કરવાની સત્તાની રૂએ ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ભવન, ભરૂચ, જિ ભરૂચના રીનોવેશન કામ બાબતે રૂ.૩,૪૯.૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણપચ્ચાસ હજાર પુરા) ની ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ વિભાગના તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગના અગ્ર સચિવશ્રીને મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઘનશ્યામસિંહ મકવાણા)
સેક્શન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, જિ. ભરૂચ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) જિ. ભરૂચ
સે.અ.શ્રી, કો.સેલ (સા.ન્યા અને અ.વિ) વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી
બજેટ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેક્ટ ફાઇલ